## ઓફ લાઈન ટેન્ડર નં. ૦૧/૨૦૨૪-૨૫

# "ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર."

## ટેન્ડરની શરતો

1. આ ટેન્ડર ફોર્મ તેમજ ભાવપત્રક ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.
2. ટેન્ડર ફી રૂ.૨૫૦૦/- અંકે રૂપિયા બે હજાર પાંચસો છે. જે પરત ન આપવાની શરતે "The Registrar, Gujarat University" અમદાવાદના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
3. અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ.50,000/- અંકે રૂપિયા પચાસ હજાર છે જે અંગેનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. EMD ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
4. ભરેલ ટેન્ડર જમા કરવાની છેલ્લી તા.૧૬/૦૧/૨૦૨૫ સમય સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 38 માં સ્વીકારવામાં આવશે મોડા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.
5. ટેન્ડર સીલ કરી આપવાના રહેશે. સીલ કર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર "ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેના ભાવ" એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.
6. ટેન્ડર ખોલવાની તારીખ:૧૭/૦૧/૨૦૨૫ સમય બપોરે ૧૨:૦૦ વાગ્યાનો રહેશે.
7. ઓફરમાં મુકેલ માલસામાન બીજો અને ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસ સિવાય સવારે 10.30 થી સાંજે 5.30 સુધીમાં જોવા મળશે. તેમજ આ અંગે યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 1 એસ્ટેટ

વિભાગ ફોન નં.263013333 અથવા Workshop, માઈક્રોબાયોલોજીની સામે, ફોન નં. 26303252 પર સંપર્ક કરવો.

8. માલસામાનના નિરિક્ષણ બાદ ભાવપત્રકમાં જે તે લોટનો ભાવ ભરવાનો રહેશે.આંશિક લોટની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. માલસામાન જ્યા છે ત્યા અને તે સ્થિતિમાં જ આપવામાં આવશે.
10. જે તે લોટમાં જે બિડરના ભાવ H1 હશે (લોટવાઈઝ) તેનું ટેન્ડર સ્વીકાર કરવામાં આવશે.
11. બધા લોટના ભાવ ભરવા ફરજિયાત નથી.
12. માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી ટેન્ડરરની રહેશે.
13. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં આવશે. તેમની અથવા તેઓના જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઓફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઈ જવાનો રહેશે.
14. જે ટેન્ડરરનો ભાવ મંજૂર થાય અને જાણ કરવામાં આવે ત્યારથી 3 (ત્રણ) દિવસમાં પુરેપુરી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. તેમજ જે તે સરકારી કચેરીમાં GST જમા કરવી તેની રસીદ યુનિ. માં આપવાની રહેશે.જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદબાતલ ગણવામાં આવશે અને અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.
15. માલસામાનની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ તેમજ GST ભર્યા બાદ ૩(ત્રણ) દિવસમાં તમામ માલસામાન ટેન્ડરરના ખર્ચે અને જોખમે ઉપાડી લેવાનો રહેશે. એટલે કે ઓર્ડર મળ્યાથી કુલ ૬ વર્કિંગ દિવસમાં (વર્ક ઓર્ડર મળ્યા બાદ ત્રણ દિવસ લોટની રકમ તથા GST ભરવા માટે ત્રણ દિવસ માલ સામાન ઉપાડવા માટે) લોટમાં રહેલ તમામ માલ સામાન ઉપાડી લેવાનો રહેશે. જો આ સમય કરતા વધુ સમય થશે તો વિલંબિત દિવસના પ્રતિ દિવસના રૂ.૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.
16. માલસામાન ઉપાડતી વખતે સંસ્થાની માલમિલ્કતને કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ EMDની રકમમાંથી વસુલ કરવામાં આવશે.
17. સરકારી નિયમાનુસાર જે તે તમામ ચુકવવા પાત્ર વેરા જે તે સરકારી વિભાગમાં જમા કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
18. ઉપરોક્ત માલસામાનમાં સ્માવિષ્ટ ચીજવસ્તુઓમાં Toxic Substances હોયતો તેવી ચીજવસ્તુઓના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાનો રહેશે તેમજ તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે. તેમજ આ અંગે બાહેધરી પત્ર આપવાનો રહેશે.
19. માલસામાન સંપૂર્ણપણે ઉપાડ્યા બાદ તે સ્થળે રહેલે ભંગારના કચરાની સફાઈ ટેન્ડરરે કરાવવાની રહેશે ત્યારબાદ જ તેઓની ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
20. કોઈપણ ભાવ કે તમામ ભાવ મંજૂર કરવાના કે રદ કરવાના તમામ હક, યુનિવર્સિટીના કુલપતિશ્રીના રહેશે. જેના માટે કોઈપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.
21. જો ટેન્ડરર ટેન્ડર ભરવા ઈચ્છતા હોય તેઓશ્રીએ સીલબંધ કવરમાં ટેન્ડર ફી, EMD નો ડ્રાફ્ટ, ભાવપત્રક, ટેન્ડરની શરતો સ્વીકાર્ય છે તેમજ બાહેધરી પત્રમાં સહી-સિક્કા સાથેના ડોક્યુમેન્ટ અને તેઓનો ધંધો પ્રોપરાઈટર, પાર્ટનરશિપ છે કે કંપની છે તેનો આધાર પુરાવો અને ધંધાના સ્થળનું સરનામું આપવાનું રહેશે.

ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે સમજયો છું અને તે મને માન્ય છે. તેવી હું બાહેધરી આપું છું.

ટેન્ડર ભરનારની સહી અને સિક્કો

રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી

## ઓફ લાઈન ટેન્ડર નં. ૦૧/૨૦૨૪-૨૫

## “ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર.”

### ભાવપત્રક

| ક્રમ. | લોટ નં. | લોટમાં રહેલ સાધન સામગ્રી | લોટનું લોકેશન | જે તે લોટનો ભાવ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | ૧.૧ | લાઈટ,સિલિંગ ફેન વગેરે | વર્કશોપ વિભાગમાં F.F ઉપર | |
| | ૧.૨ | લાકડાના ટેબલ, ખુરશી,લોખંડની તિજોરી, ગ્રિલો વગેરે તથા અન્ય સામાન | વર્કશોપ વિભાગ પાસેના પાર્કિંગમાં | |
| | ૧.૩ | લાકડાની બારી, ખુરશી, લોખંડનીગ્રીલ ,રેક , તિજોરી ,વગેરે | ફીસીક્સ વિભાગ પાસેના સબ સ્ટેશન પાસે | |
| ૨. | ૨.૧ | ઈલેક્ટ્રિક પેનલ બોર્ડ | સ્કુલ ઓફ ડીઝાઈન બિલ્ડીંગ પાસે | |
| | ૨.૨ | ઈલેક્ટ્રિક પેનલ બોર્ડ | પરિક્ષાભવન પાસે | |
| | ૨.૩ | ઈલેક્ટ્રિક પેનલ બોર્ડ | લાઈબ્રેરી પાસે | |
| ૩. | ૩.૧ | લોખંડની ગ્રીલો વગેરે | સાયકોલોજી વિભાગના ગેટ બહાર | |
| | ૩.૨ | લાકડાની બેન્ચ વગેરે | સાયકોલોજી વિભાગના અંદર | |
| | ૩.૩ | લાકડાની બેન્ચ વગેરે | સાયકોલોજી વિભાગના અંદર | |
| ૪. | ૪.૦ | લાકડાની બેન્ચ, ખુરશી, વગેરે | IIS વિભાગના બહાર | |
| ૫. | ૫.૧ | લોખંડની તિજોરી | બોયઝ હોસ્ટેલ D બ્લોક | |
| | ૫.૨ | લાકડાના પલંગ , ખુરશી, વગેરે. | બોયઝ હોસ્ટેલ E બ્લોક | |
| | ૫.૩ | સિલિંગ ફેન, વગેરે | બોયઝ હોસ્ટેલ F બ્લોક | |

ટેન્ડરમાં મુકેલ તમામ શરતો અમે વાંચેલ છે જે અમોને માન્ય છે જે ધ્યાને લઈ બિનશરતી ભાવત્રકમાં ઓફર મુકેલ છે.

ટેન્ડર ભરનારની સહી અને સિક્કો

રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી

# <u>બાહેધરી પત્રક</u>

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મા. સાહેબશ્રી,

ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રીના નિકાલ અંગેના માલસામાનમાં સ્માવિષ્ટ ચીજવસ્તુઓના આખરી નિકાલ વખતે નિકળતો અન્ય Toxic Substancesના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાની હું બાહેધરી આપું છું. અને આ બાબતે કસુર થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.

ટેન્ડરરની સહી:- ........................................

સિક્કો:- ..................................................

મોબાઈલ નંબર:- .......................................

નામ:- ....................................................

સરનામું:- ................................................

ટેન્ડર ભરનારની સહી અને સિક્કો રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી